# પાલનપુર જોરાવર પેલેસમાં ટેમ્પામાં આગ લાગતા અફડા-તફડી મચી



પાલનપુર, તા. ૨૪

પાલનપુર જોરાવર પેલેસમાં પડેલા ટેમ્પામાં કોઈ અગમ્ય કોરણોસર આગ લાગતા અફડા-તફડી મચી ગઈ હતી. આ અંગેની જાણ લોકોને થતા લોકોના ટોળે-ટોળા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ફાયર-ફાયટરને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ફાયરનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

બનાસકાંઠામાં આગના બનાવોમાં ચિંતાજનક હદે વધારો થઈ રહ્યો છે. પાલનપુર જારાવર પેલેસમાં પડેલા ટેમ્પામાં રવિવારે કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. જેના પગલે આજુ-બાજુથી લોકો દોડી આવ્યા હતા અને પાલનપુર નગરપાલિકાના ફાયર-ફાયટરને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયરનો સ્ટાફ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. આ ટેમ્પો આરએન્ડબી વિભાગનો હોવાની પ્રાથમીક જાણકારી મળી હતી. જેથી અધિકારીઓને જાણ કરવામાં આવી હતી.

### મોડાસા રૂરલ પોલીસની આંખો સામે લોકઅપમાં રહેલા

# બે આરોપીઓ સંડાસની જાળી તોડી ફરાર





મોડાસા,તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે જીલ્લાના શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં તળખળાટ મચાવતા ચોર તસ્કરોને પકડવામાં નિષ્ફળ રહેલી પોલીસની કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે. માંડ માંડ ચોરીના ગુન્હામાં સંડોવાયેલા બે આરોપીને પકડવામાં સફળ રહેલી મોડાસા રૂરલ પોલીસ કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવતા કસ્ટડીમાં રહેલા ૨ આરોપીઓ શનિવારે રાત્રે પોલીસની નજર સમક્ષ લોકઅપમાં રહેલા બે આરોપીઓ લોકઅપના શૌચાલયની લોખંડની જાળી તથા સળિયા તોડી ફરાર થઈ જતા પોલીસબેડામાં દોડધામ મચી ગઈ હતી. ઉચ્ચ અધિકારીઓ મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશને દોડી આવી ૫ ટીમો બનાવી ઠેર ઠેર નાકાબંધી કરવાની સાથે શોધખોળ હાથ ધરી હતી.

મોડાસા રૂરલ પોલીસે ઈપીકો કલમ-૩૭૯,૧૧૪ના ગુન્હામાં ઝડપાયેલા રાજુભાઈ હીરાભાઈ કાલબેલિયા (ઉં.વર્ષ-૨૪) રહે, મડીકપુરા ઉદેપુર (રાજ) અને મુકેશ મોંગીલાલ જોગી (ઉં.વર્ષ-૨૦) રહે, કપાસણ, ચિતોડગઢ (રાજ) ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા ૨૫ માર્ચ સુધી ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કરતા બંને આરોપીઓની વધુ પૂછપરછ માટે રૂરલ પોલીસે લોકઅપમાં રાખતા શનિવારે રાત્રીના સુમારે પોલીસને ઉંઘતી રાખી બંને આરોપીઓએ લોકઅપમાં રહેલા શૌચાલયની જાળી અને લોંખડના સળિયા તોડી અડધા ફૂટ જેટલી જગ્યામાંથી ફરાર થઈ જતા પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. "ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા" મારવાનો વારો આવ્યો હતો.

આ ચકચારી બનાવને પગલે ડી.વાય.એસ.પી. ફાલ્ગુનીબેન પટેલ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો મોડાસા ગ્રામ્ય પોલીસ મથકે દોડી આવ્યો હતો અને નાસી છૂટેલા બંને આરોપીઓને ઝડપી પાડવા એલસીબી, એસઓજી, પેરોલ ફર્લો, રૂરલ પોલીસ સહીત ૫ ટીમો બનાવી ચોતરફ નાકાબંધી કરી સ્થાનિક તેમજ આસપાસના પંથકોમાં તેની શોધખોળ હાથ ધરી છે.

અરવલ્લી જીલ્લામાં ખાખી વર્દી સામે અનેક ડાઘ લાગ્યા છે. શામળાજી પોલીસસ્ટેશનની હદમાંથી વિદેશી દારૂની લૂંટ થતા પીએસઆઈ સહીત ૨ પોલીસ કર્મચારીઓનો ભોગ લેવાયો હતો. ત્યારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રહેલા બે આરોપીઓ ફરાર થઈ જવાની ચકચારી ઘટનાના પગલે પોલીસ અધિકારી સહીત જવાબદાર પોલીસકર્મીઓનો ભોગ લેવાશે કે નહિ તેવી ચર્ચા પોલીસબેડામાં વ્યાપી હતી.

# પાટણ લોકસભા બેઠક માટે થરા ખાતે ઘર ઘર સંપર્ક અભિયાન કાર્યક્રમ યોજાયો

### કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ખાતે ભાજપ દ્વારા ઘર ઘર સંપર્ક કાર્યક્રમ યોજાયો



લોકસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના પાટણ લોકસભાના ઈન્ચાર્જ ભરતભાઈ રાજગોર, કીર્તિસિંહ વાઘેલા, ભારતસિંહ ભાટેસરીયા, પૃથ્વીરાજસિંહ વાઘેલા, તેજાજી ઠાકોર, કનુભાઈ ઠક્કર, રાયમલભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ભારતીબેન સોની સહિત અન્ય ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ થરા સોસાયટીમાં રહેતા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકો સાથે ઘેર ઘેર જઈ લોક સંપર્ક કર્યો હતો અને ભાજપ સરકાર એ કરેલ કામગીરી તેમજ આવનાર વિકાસ ના કામો અંગેની વિસ્તૃત માહિતી આપી હતી અને લોકોને પોતાના કિંમતી મત અંગે માર્ગદર્શન આપ્યું હતું એટલે કહી શકાય કે લોકસભાની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાય તે માટે અત્યારથી જ કામગીરી શરૂ કરી દીધી છે અને તેના કારણે વેપારીઓ અને મતદારો માં ખુશી જોવા મળી હતી આમ પાટણ લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર તરીકે પક્ષ દ્વારા ગમેતે ને મુકવામાં આવે ત્યારે કાંકરેજ ભાજપના વરિષ્ઠ નેતા અને આગેવાનો કાર્યકરો એ કમરકસી અત્યારથી જ કામે લાગી ગયા છે

આમ થરા શહેર ભાજપ માટે ખૂબ જરૂરી સાબિત થાય તે માટે ઘર ઘર સંપર્ક કરી મતદારો ને રીઝવવા માટે કવાયત હાથ ધરી હતી.

# પ્રાંતિજમાંથી રાત્રીના સમયે આઈસર ચોરાઈ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર પાર્ક કરેલ આઈસર રાત્રીના સમયે કોઇ અજાણ્યા ચોર ચોરી કરી લઈ જતા આઈસર માલિક દ્વારા પોલિસ ફરીયાદ કરી. પ્રાંતિજ ખાતે રહેતા વિનોદભાઈ કોદરભાઈ મોદી રહે. કુષ્ણનગર ધંધો- વેપારી કે જેવો પોતે વેપારી છે અને તેવોને ધંધાના કામ અર્થે પોતે આઈસર રાખે છે જે એપ્રોચરોડ ઉપર આવેલ તેમના ગોડાઉન પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી. જે આઈસર નંબર જીજે.૦૯.એયુ.૯૩૪૭ જેની કિંમત ૧૦,૦૦,૦૦૦ રાત્રીનાં સમયે કોઇ અજાણ્યા ચોર ઈસમો તા૨૧-૩-૨૦૧૯ થી ૨૨-૩-૨૦૧૯ સવારે ૧૦ વાગ્યા સુધીમાં લઈ જતા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં આઈસર માલિક વિનોદભાઈ મોદી દ્વારા પોલીસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સદભાવના ગ્રુપ દ્વારા ગુરુનાનક ચોક મુકામે મિનરલ પાણીની પરબ શરુ કરવામાં આવી

### જન્મદિનને સેવા દિન તરીકે ઉજવતા હરેશ ચૌધરી દ્વારા યુવાનોને પ્રેરણા મળે એવું વધુ એક સેવાકીય કાર્ય

પોતાના જન્મદિનની સેવાદિન તરીકે મનાવતા હરેશભાઈ ચૌધરી દ્વારા સતત ૮ (આઠમા) વર્ષે પાલનપુર ગુરુનાનક ચોક મુકામે આજરોજ મિનરલ પાણીની શરૂ કરવામાં આવી છે. પાલનપુરની મધ્યમાં આવેલ ગુરુનાનક ચોક કે જ્યાં શહેરનો મુખ્ય રાહદારી માર્ગ છે. જ્યાં દિવસના અનેકોલોકો પસાર થતા હોય છે. ઉનાળાની ઋતુમાં કાળઝાળ ગરમીના ૪ મહિના આ માર્ગમાંથી પસાર થતા રાહદારીઓ પોતાની તરસ છીપાવવા માટે પાઉચનું પાણી ૨ રૂપિયા જેવી કિંમતે ખરીદીને પીવું પડે છે. તેમ છતાં પણ આ પાઉચ અનેકવાર ગરમી-ઠંડી ની પ્રક્રિયા માંથી પસાર થતા પાઉચનું પ્લાસ્ટિક ઓગળીને પાણીમાં ભળતા કેન્સર જેવા ગંભીર રોગની બીમારીનો પણ ભય રહેલો હોય છે. પૈસા ખર્ચવા છતાં પણ સુદ્ધ પાણી મળતું નથી.

જેની સામે ગુરુનાનક ચોકમાં શુદ્ધ મિનરલ પાણીની પરબ કરતા લોકોને નીસુલ્ક પાણી પીવા મળી રહે છે. ઉનાળાની સિઝનમાં દરરોજના ૫૦ કેરબા એટલેકે ૧૦૦૦(એક હજાર) લીટર પાણી



દિવસના ૨૫૦૦ થી ૩૦૦૦ લોકો પીને પોતાની તરસ મીટાવે છે.આ પરબ ચાર માસ સુધી જ્યાં સુધી વરસાદના આવે અને ગરમીનો પ્રકોપ ઓછો ના થાય ત્યાં સુધી નિરંતર ચલાવવામાં આવે છે.

હરેશ ચૌધરીએ પોતાના જન્મદિન નિમિતે પરબ કરવાની સાથે સાથે સમાજના યુવાનોને એ પણ સંદેશો આપ્યો છે કે પશ્ચિમી સંસ્કૃતિથી પર રહી પોતાના જન્મદિન નિમિતે એક એવું જાહેર સમાજ જીવનના લોકોને ઉપયોગી કામ કરવું જોઈએ જેનાથી આપણ ને આત્મસંતોષ મળે, પરબના લોકાર્પણ પ્રસંગે આજરોજ ભારતીય જનતા પાર્ટીના પૂર્વ મંત્રીશ્રી કાંતિભાઈ કચોરિયાંના હસ્તે રીબીન કપાવી અને વિધિવત ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે સદભાવના ગ્રુપના હરેશ ચૈધરી, ડો.ઉમાકાન્ત પંડ્યા, શ્રી સુરેન્દ્ર ગુપ્તા , સાગર જાની તથા પાલનપુર શહેર ભાજપના પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, અતુલ જોશી, અશોક પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### મેઘરજ તાલુકાના ખેડૂતોએ ટેકાના ભાવે વેચેલ

# અડદના નાણાં ચુકવવામાં વીલંબ થતાં ખેડૂતોમાં રોષ



મેઘરજ, તા. ૨૪

મેઘરજ તાલુકાના કેટલાય ખેડૂતોએ અડદ ટેકાના ભાવે એક મહીનાથી વધુ સમય પહેલાં વેચ્યા હતા, પરંતુ મોટા ભાગના ખેડૂતોને આજ સુધી અડદના નાણાં પોતાના ખાતામાં જમા ન થતાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોના જણાવ્યા મુજબ એક મહીનાથી વધુ સમય પહેલાં અડદ ટેકાના ભાવે વેચ્યા હતા પરંતુ અજુ સુધી અમારા ખાતામાં પૈસા જમા ન થવાથી અમારે ઘરનુ તેમજ બજારનો વ્યવહાર લેવડ-દેવડ કઈ રીતે સાચવવો અને ગુજરાન ચલાવવુ મુશ્કેલ બન્યુ છે.

ચાલુ દિવસે રોજ મેઘરજ નગરની બેંન્કોમાં ખેડૂતો પોતાના ખાતામાં નાણાં જમા થયાં કે નહી તેના માટે ધક્કા ખાતા જોવા મળે છે. તંત્રનીની આવી ઢીલી નીતીથી મેઘરજ તાલુકાના ખેડૂતોમાં રોષની લાગણી વ્યાપી છે જેથી અડદના નાણાં ખેડૂતોના ખાતામાં જડપથી જમાં થાય તેવી તાલુકાના ખેડૂતોની માંગ ઉઠી છે.

# સાબરકાંઠા લોકસભા બેઠક માટે સાંસદ દીપસિંહ રાઠોડ રિપીટ

મોડાસા, તા. ૨૪

મોડાસામાં આવેલા અરવલ્લી જીલ્લાના ભાજપ કાર્યાલય ખાતે સાબરકાંઠા લોકસભાની બેઠક લઈને પ્રદેશ ભાજપના નિયુક્ત ત્રણ નિરીક્ષકો પ્રદીપસિંહ વાઘેલા, મોતીભાઈ વસાવા અને નૌકાબેન પ્રજાપતિએ લોકસભા બેઠક માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરી હતી જેમાં લોકસભા લડવા માંગતા વર્તમાન સાંસદ દીપસિંહ સહીત બંને જીલ્લામાંથી ઉમેદવારો મોટી સંખ્યામાં ટેકેદારો સાથે પહોંચી દાવેદારી રજુ કરી હતી. આ સેન્સ પ્રક્રિયા દેખાવપૂર્તિ હોવાની સાથે સાબરકાંઠા જીલ્લામાંથી ક્ષત્રિય ઠાકોર ઉમેદવારને મેદાને ઉતારવાનું ભાજપના મોવડી મન માનવી લીધું હોવાના સમાચાર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા હતા. ભાજપે જાહેર કરાયેલ ૧૫ ઉમેદવારોમાં સાબરકાંઠા લોકસભા બેઠક માટે દીપસિંહ રાઠોડને રિપીટ કરાતા અહેવાલ સચોટ સાબિત થયો હતો. દીપસિંહ રાઠોડ નરેન્દ્ર મોદી અને અમિત શાહના નિકટના સાંસદ તરીકે સ્થાન ધરાવે છે.

સાબરકાંઠા લોકસભાની ચૂંટણી જાહેર થતા લોકસભામાં ઉમેદવારી કરવામાં માંગતા ભાજપના ઉમેદવારોએ એડીચોટી નું જોર લગાવ્યું હતું અને દિલ્હી અને નાગપુર આરઆરએસ કાર્યાલય સુધી દોટ લાગવાની સાથે વર્તમાન સાંસદ દીપસિંહ રાઠોડ સામે તેમના વિસ્તારમાંથી ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ સંસદની ગ્રાન્ટનો દૂર ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ લગાવી છબી ખરડાવાનો પ્રયત્ન થતા રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો અને દીપસિંહ રાઠોડનું પત્તુ કાપશે તેવું મોટાભાગના બીજેપીના અગ્રણીઓ, કાર્યકરો અને રાજકીય વિશ્લેષકો માનતા હતા. તમામની ધારણાઓ ખોટી પાડતા અમિતશાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરીથી તેમના નામ પર મહોર મારતા લોકસભા બેઠક લડવા માંગતા ઉમેદવારોમાં સોપો પડી ગયો હતો.

# ધનસુરામાં ભારત સંચાર નિગમ દ્વારા 4G સેવાનો પ્રારંભ

ધનસુરા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ભારત સંચાર નિગમ દ્વારા પ્રથમવાર ફોર જી સેવાનો પ્રારંભ કરાયો હતો. ધનસુરા ટેલીફોન એક્ષ્ચેન્જ ખાતે બી. એસ. એન. એલ. હિંમતનગરના પ્રધાન મહાપ્રબંધક શ્રવણકુમારના હસ્તે આ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સેવાની શરૂઆતમાં જ પ્રધાન મહાપ્રબંધક શ્રવણકુમારે અમદાવાદ ખાતે ગુજરાત સર્કલના પ્રધાન મહાપ્રબંધક હેમંત પાંડે સાથે વિડીઓ કોલિંગ કરીને સેવાનો પ્રારંભ કર્યો હતો. આ સેવાનો લાભ લેવા માટે મોબાઈલ ધારકોને ૪૮ સીમ વગર મુલ્યે આપવામાં આવશે. આ માટે કનિષ્ઠ દુરભાસ અધિકારીની ઓફીસમાંથી ફોરજી સીમ લેવાનું રહેશે. આ સેવાના શરુ થવાથી ધનસુરાના આજુબાજુના લોકોને આનો લાભ મળશે. આ કાર્યક્રમમાં બી.એસ.એન.એલ. હિંમતનગરના પ્રધાન મહાપ્રબંધક શ્રવણકુમાર, આર.એમ.રાજપૂત,



ડી.જી.એમ. હિમતનગર, આર.એમ. ગોર, ડી.ઈ (સી. એફ. એ) મોડાસા, પ્રદીપભાઈ દવે, જે.ટી.ઓ. (ગ્રુપ) ધનસુરા, અતુલભાઈ બ્રહ્મભટ્ટ આગેવાન ધનસુરા, રવિન્દ્રભાઈ પટેલ સેક્રેટરી એપીએમસી ધનસુરા, એચ. આર. અમીન, એસ.આર. પરમાર, કુમુદભાઈ પટેલ, તૃપલભાઈ ભાવસાર, સતીષભાઈ ચારેલ, અમિતભાઈ પ્રજાપતિ, જીગરભાઈ મહેતા અને ટેલીફોન એક્ષ્ચેન્જનો સ્ટાફ અને ધનસુરા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# થાવર ગામે ધુળેટીના પર્વ નિમિતે 'ગેર' નૃત્ય રમાયું

### ગેર નૃત્ય જોવા આવેલા ધાનેરાના મામલતદાર પણ 'ગેર' રમવા મગ્ન બન્યા





ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલા થાવર ગામે ધુળેટી ના પર્વ નિમિતે અનોખી રીતે ગેર રમવામાં આવે છે અને આ ગેર જોવા માટે ધાનેરા સહીત વિવિધ જગ્યાએ થી મોટી સંખ્યા માં લોકો ઉમટી પડે છે ત્યારે આ ગેર જોવા આવેલા ધાનેરા મામલદાર શ્રી ગેર રમવામાં મગ્ન બન્યા હતા.

સમગ્ર દેશ માં આજે ધુળેટી ના દિવસેલોકો એકબીજા ઉપર રંગ નાખી ધુળેટી ના પર્વ ની ઉજવણી કરે છે ત્યારે બનાસકાંઠા જિલ્લા નું અને ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલા થાવર ગામે લોકો ધુળેટી ના દિવસે એક બીજા ઉપર કલર નાખવાના બાદલે ગેર નૃત્ય રમી ધુળેટી ના પર્વ ની ઉજવણી કરે છે ગામના વડીલો હાથ માં મોટી લાકડી લઈ દેશી પહેરવેશ માં સજ્જ થઈ ગેર નૃત્ય રમે છે અને આ ગામમાં આ પરંપરા વર્ષો થી ચાલી આવે છે ગામે રમતું ગેર નૃત્ય જોવા માટે ધાનેરા સહીત વિવિધ જગ્યાએ લોકો મોટી સંખ્યા માં આવે છે અને ગેર નૃત્ય નો લાભ લે છે ત્યારે આજે ગેર નૃત્ય જોવા માટે ધાનેરા ના મામલતદાર શ્રી બીએસ ખરાડી પણ આવ્યા હતા અને તે પોતે પણ ગેર નૃત્ય રમવામાં મહાન બન્યા હતા થાવર ગામે હોળી ના પર્વ ની ઉજવણી ત્રણ દિવસ કરવામાં આવે છે જેમાંપહેલા દિવસે હોળી પ્રગટાવી તેની પૂજા કરવામાં આવે છે અને બીજા દિવસે ગામમાં ગેર નૃત્ય રમવામાં આવે છે અને ત્રીજા દિવસે લોકો એકબીજા ઉપર કલર નાખી હોળી ના પર્વ ની ઉજવણી કરે છે

# મોડાસામાં પક્ષીઓ માટે "મોહદ્દીષે આઝમ મિશન" દ્વારા નિઃ શુલ્ક કુંડા અને માળાનું વિતરણ કરાયું

મોડાસા, તા. ૨૪

અરવલ્લીના મોડાસા નગરમાં ભૂખ્યા સુધી ભોજન પહોંચાડી ભૂખ્યા લોકોનો જઠરાગ્નિ શાંત કરવા સહિતની સેવાકિય પ્રવૃતિઓ કરી સુવાસની મહેક ફેલાવનાર મોહદ્દીષે આઝમ ઉનાળાની આગમન સાથે અબોલ પક્ષીઓના વહારે આવ્યુ છે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં નદી નાળા સુકાઈ ગયા હોવાથી અબોલ પક્ષીઓ પાણી વિના કેટલીક વખત મૃત્યુ પામે છે. પક્ષીઓને સરળતાથી પાણી મળી રહે અને લોકો પણ પોતાના મકાન આગળ પક્ષીઓ માટે પાણીના કુંડા લગાવે તે માટે મોહદ્દીષે આઝમ મિશન દ્વારા વિતરણ કર્યુ હતું. માળા અને કુંડા મેળવવા માટે લોકોના ઉત્સાહના




આજે નગરના માલપુર રોડ અને ડુગરવાડા રોડ ૪૦૦ કુંડા તેમજ ૪૦૦ માળાઓનુ વિના મુલ્યે કારણે થોડીજ મિનિટોમાં માળા અને કુંડાનું વિતરણ પૂર્ણ થયું હતું.